# “સમયની સમક્ષ”નો પરિચય

૧૪, જાન્યુઆરી, ૨૦૨૫

આત્મીય પાઠક,

શુભ મકરસંક્રાંતિ. વર્ષ ૨૦૨૫ની હાર્દિક શુભકામનાઓ!

નવી શરૂઆતોના આ સમયે તમારી સાથે જોડાવું એ બહુ ખુશીની વાત છે. અને મને લાગે છે કે સમાન વિચારધારા, સમાન રુચિ ધરાવતાં લોકો સાથે જોડાવાનો સમય *હંમેશાં* યોગ્ય સમય જ હોય છે.

૧ જાન્યુઆરી એટલે કે નવવર્ષના દિવસે — એ દિવસ જેનું સિદ્ધયોગ પથ પર ખૂબ જ મહત્ત્વ છે — આપણે સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં એકબીજાની સંગતિમાં હતાં. આપણે નવા વર્ષનું સ્વાગત એ રીતે કર્યું, જે રીતે કરવું આ પથ પર આપણને સૌથી વધારે પ્રિય છે, જેના માટે આપણી અંદર અત્યંત પ્રશંસાનો ભાવ છે. આપણે આપણાં શ્રીગુરુ, ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ સાથે ‘મધુર સરપ્રાઇઝ’માં ભાગ લીધો.

જ્યારે હું શ્રીગુરુમાઈ પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું કે તેમણે વર્ષ ૨૦૨૫ માટે આપણને તેમનો સંદેશ પ્રદાન કર્યો, ત્યારે હું જાણું છું કે આ હું બધાં જ સિદ્ધયોગીઓ તરફથી બોલી રહી છું. આ સંદેશમાં એક લય છે, તે સૂત્ર જેવું છે અને તેમાં *ઘણું બધું* સમાયેલું છે, આ વાત સાથે તમે પણ સહમત છો ને? એક તરફ, આ સંદેશના મુખ્ય વિષય એટલે કે *સમયથી* આપણે ખૂબ જ પરિચિત છીએ. જેવો આપણો જન્મ થાય છે કે તરત જ આપણને સમય સાથે લડવા માટે બાધ્ય કરવામાં આવે છે. આપણે સમય સાથે એક સંબંધમાં જોડાઈ જઈએ છીએ, અને ભલે આપણને પસંદ હોય કે ન હોય, આપણે જીવનભર એ સંબંધમાં જોડાયેલા રહીએ છીએ. તેમ છતાં, તમે જાણો છો — અને હું જાણું છું અને આપણે *બધાં* જાણીએ છીએ — કે સમય વિશે કોઈ એવી વાત તો સતત રહે જ છે જે રહસ્યમય, સમજવામાં મુશ્કેલ અને અત્યંત પડકારજનક હોય છે. તેનાથી કોઈ ફરક નથી પડતો કે આપણે ઉંમરમાં કેટલા મોટા છીએ કે નાના, આપણે હંમેશાં સમય સાથે ઝઝૂમતા રહીએ છીએ, હંમેશાં સમયને સમજવાનો પ્રયાસ કરતા રહીએ છીએ, હંમેશાં એ સમજવાનો પ્રયાસ કરતા રહીએ છીએ કે કેવી રીતે આપણે સમય સાથે સૌથી વધારે કલ્યાણકારી રૂપે પારસ્પરિક સંબંધ સ્થાપિત કરીએ. આ આપણને ચિરકાલીન પ્રશ્ન તરફ લઈ જાય છે : સમય શું છે?

આ વર્ષે ૨ જાન્યુઆરીએ, શ્રી મુક્તાનંદ આશ્રમમાં સેવા અર્પિત કરવા આવેલાં બાળકો, યુવાઓ અને માતા-પિતાઓ સાથે ગુરુમાઈજી સત્સંગ કરી રહ્યાં હતાં. આ સત્સંગ દરમ્યાન, અગિયાર વર્ષના એક છોકરાના માતાપિતાએ કહ્યું કે છેલ્લા કેટલાક મહિનાઓથી તેમનો દીકરો સમય વિશે વધારે રસ લેવા લાગ્યો છે. ઘણા દિવસો સુધી, રાતે સૂવા જતા પહેલાં, તે પોતાના માતાપિતાને સમય વિશે પૂછતો હતો અને સમય વિશે તેના પોતાના

વિચારો અને માન્યતાઓ જણાવતો હતો. પોતાના દીકરાની વધતી જતી રુચિમાં સહાય કરવા માટે, તેના પિતાએ તેની સાથે સમય અને શાશ્વતતાના વિષય પર ડૉક્યુમેન્ટરી (હકીકત પર આધારિત ફિલ્મો) જોવાનું શરૂ કર્યું.

સ્પષ્ટપણે, જેમ આ નાના છોકરાને સહજ જ સ્ફુરણ થયું, તેમ સમય વિશે ખોજ કરવા માટે અને સમજવા માટે ઘણું બધું છે. અને આપણે જે સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણમાં છીએ, તેને જોઈને મને ગુરુમાઈજી પ્રત્યે વિશેષરૂપે કૃતજ્ઞતા મહસૂસ થાય છે કે તેમણે *આ* સંદેશ *આ* સમયે પ્રદાન કર્યો. સંસાર અનિશ્ચિત, અસ્થિર લાગે છે. આપણે જોઈ રહ્યા છીએ કે જે આધાર પર આપણે આપણા જીવનનું, આપણા સમાજનું અને આપણા દેશોનું નિર્માણ કર્યું છે, એ આધાર આજે એટલો મજબૂત નથી રહ્યો જેટલો આપણે તેને કોઈક સમયે માનતા હતા. કોઈપણ વસ્તુ વિશે નિશ્ચિત રહેવું મુશ્કેલ છે. આપણી વાસ્તવિકતા લગભગ દિન-પ્રતિદિન બદલાઈ રહી છે.

તેમ છતાં આ બધાંની વચ્ચે, વર્ષ ૨૦૨૫ માટે ગુરુમાઈજીનો સંદેશ આપણને આપણી ક્ષમતાનું, આપણા સામર્થ્યનું સ્મરણ કરાવે છે. ગુરુમાઈજી તેમના સંદેશમાં "તમારા સમય" વાક્યાંશનો પ્રયોગ એકવાર નહીં, પણ બે *વાર* કરે છે (અંગ્રેજીમાં). ભલે આપણે અસ્થિર લાગતી એ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા હોઈએ જેનાથી આપણે હંમેશથી પરિચિત હતા, ભલે આપણને એવું લાગે કે આપણે એવી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છીએ જેના પરથી આપણે આપણું નિયંત્રણ વ્યાપકપણે ગુમાવી રહ્યા છીએ, તોપણ આપણે આપણા સમય સાથે શું કરીએ એ નિર્ણય પૂરીરીતે આપણા હાથમાં છે.

આવું કહેવા છતાં, અને સમયની કદાચ ખૂબ જ દુષ્કર પ્રકૃતિ પર વિચાર કર્યા પછી મારી પાસે તમને જણાવવા માટે એક એવા સમાચાર છે જે મારા હૃદયને અત્યંત *આનંદથી* ભરી દે છે. આ આખા વર્ષ દરમ્યાન સિદ્ધયોગ પથ વેબસાઇટ પર, આપણે શ્રીગુરુમાઈ પાસેથી તેમના સંદેશ વિશે શિખામણો પ્રાપ્ત કરતા રહીશું.

ગુરુમાઈજીએ કહ્યું છે કે તમે આ પ્રત્યેક શિખામણને તમારો પોતાનો વ્યક્તિગત મંત્ર માની શકો છો, જેને તમે સરળતાથી યાદ રાખી શકો છો અને તમારા દૈનિક જીવનમાં લાગુ કરવાની રીતો શોધી શકો છો. મને ખાતરી છે કે આ શિખામણો આ વર્ષે આપણી સિદ્ધયોગ સાધના માટે અત્યંત સહાયક રહેશે — અને તેનાથી મનનચિંતન કરવાના, તેનો અર્થ સમજવાના અને તેનું પરિપાલન કરવાના અનેક અવસરો પ્રાપ્ત થશે. હું જાણું છું કે તમારાંમાંથી ઘણાં બધાં લોકો પહેલાંથી જ એ વાત પર વિચાર કરી રહ્યાં છે કે તેઓ ગુરુમાઈજીના સંદેશનો અભ્યાસ કેવી રીતે કરશે. જેમ કે તાજેતરમાં સિદ્ધયોગ પથ વેબસાઇટ પર એક વ્યક્તિએ જણાવ્યું :

> "ગુરુમાઈજીનો સંદેશ સાંભળીને મને એ સમજ પ્રાપ્ત થઈ કે મારે સમયનું સન્માન કરવાનો અભ્યાસ કરવો જ જોઈએ. મારે સમય પ્રત્યે આદરભાવ રાખવો જ જોઈએ. મારે સમય પ્રત્યે પ્રશંસા અને કૃતજ્ઞતાનો ભાવ રાખવો જ જોઈએ, તેની કદર કરવી જ જોઈએ. સમય મારા જીવનમાં અતિ આવશ્યક છે. હવે મારા હૃદયમાં એ વિશે ગહન ચિંતન ચાલી રહ્યું છે કે મને આ સંદેશનું પરિપાલન કરવા માટે કઈ વસ્તુની આવશ્યકતા છે, મારે કેવી રીતે અને ક્યાં તેનું પરિપાલન કરવું જોઈએ?"

આ તો આપણને એક પછી એક પ્રાપ્ત થતા આશીર્વાદ જ છે — સૌપ્રથમ આપણને ગુરુમાઈજીનો સંદેશ પ્રાપ્ત થયો, અને હવે ગુરુમાઈજીની આ શિખામણો જે તેમના સંદેશનું અન્વેષણ કરવામાં આપણું માર્ગદર્શન કરશે. મને લાગે છે કે હું અત્યધિક આશીર્વાદિત, અત્યધિક ભાગ્યશાળી છું. તેમના શિષ્યો માટે અને આ પથ પર આવતા નવા મુમુક્ષુઓ માટે ગુરુમાઈજીને કેટલો બધો પ્રેમ છે, એ વાત મારા હૃદયને ખૂબ જ સ્પર્શી ગઈ છે.

મને એવું પણ લાગે છે કે આ સદ્‌ભાગ્યની સાથેસાથે ઉત્તરદાયિત્વનો ભાવ પણ આવે છે. આ જ તો ગુરુ-શિષ્ય સંબંધનું મૂળ છે, ખરું ને? શ્રીગુરુ તેમની શિખામણો પ્રદાન કરે છે, અને શિષ્ય તરીકે એ આપણું ઉત્તરદાયિત્વ છે કે આપણે એ શિખામણોનું પાલન કરીએ — તેનું અન્વેષણ કરીને, તેને સમજીને અને આપણાં પોતાનાં જીવનની પરિસ્થિતિઓમાં તેને લાગુ કરવાનો પ્રયત્ન કરીને. આખરે, જ્યારે આપણે શ્રીગુરુની શિખામણો સાથે સંવાદ સ્થાપિત કરીએ છીએ અને જ્યારે આપણે તેની સાથે એક થઈ જઈએ છીએ, ત્યારે જ એ શિખામણો આપણા માટે વાસ્તવિક બને છે, ત્યારે જ આપણે તેની રૂપાંતરણકારી શક્તિનો અનુભવ કરીએ છીએ અને આપણી પોતાની શક્તિ સુધી પહોંચવા માટે એટલા જ વધુ સક્ષમ બનતા જઈએ.

અને હવે — સમય છે કે હું સમાપન કરું.

આદરપૂર્વક,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.